[અસલ અંગ્રેજી પરથી અનુવાદ] તા. 02-02-2021

પ્રતિ, ક્રમાંક : 202102 ઈ-01

જૈન મીડિયા ટીમ,

**<u>વિષય : શિખરજી તીર્થને ‘Place of Worship of Jains’ ઘોષિત કરાવવા બાબતે.</u>**

તાજેતરમાં ‘જૈન મીડિયા’ દ્વારા પ્રસારિત કરાયેલ એક વીડિયો અમારી જાણમાં આવ્યો છે કે જેમાં Twitter અભિયાન છેડી શિખરજી તીર્થને **‘પવિત્ર શહેર - Holy City’** તરીકે ઘોષિત કરવાની સરકાર પાસે માંગણી કરવાની appeal કરવામાં આવી છે.

બે વર્ષ પૂર્વે ‘જ્યોત’ સંસ્થા દ્વારા આ જ શિખરજી તીર્થને સરકાર **‘જૈનોના ભક્તિ-ઉપાસના સ્થળ’ – ‘Place of Worship of Jains’** તરીકે ઘોષિત કરતું Notification – જાહેરનામું પ્રસિદ્ધ કરે તેવી માંગણી કરતું ‘Save **शिखरजी**’ અભિયાન જારી કરાયેલ. આણંદજી કલ્યાણજી ટ્રસ્ટે છેલ્લી ઘડીએ અનિચ્છનીય-બિનજરૂરી દખલગીરી કરી સંબંધિત Government Authorities સાથે નબળી વાટાઘાટો કરવાને કારણે આપણી આ માંગણી હજી સુધી પૂર્ણ થઈ નથી. તેના કારણે આપણે તે ચળવળ અધવચ્ચે જ અટકાવવી પડેલ અને તેના બદલામાં ત્યારે આપણને માત્ર અલ્પ લાભ જેવું એક ખાતાકીય નિવેદન – Office Memo જ પ્રાપ્ત થયેલ કે જે મજબૂત કાયદાકીય બંધન સ્વરૂપ નહીં પણ માત્ર સરકાર દ્વારા બહાર પડાયેલ એક આંતરિક પરિપત્ર જ છે.

શિખરજી તીર્થને Holy City ઘોષિત કરાવવાની માંગણી કરતી જે ચળવળ ઉપાડાયી છે તેની વાત કરીએ તો, તે અમને અત્યારે અપ્રાસંગિક, ગેરમાર્ગે દોરે તેવી, ભ્રામક, અસ્પષ્ટ અને દિશાહીન કે દીર્ઘદૃષ્ટિ વિનાની લાગે છે. ઊલટું ભૂતકાળમાં ઘણીવાર એવું બન્યું છે કે જ્યારે અનેક જૈન સંસ્થાઓએ જિલ્લા અધિકારીથી માંડીને મુખ્યમંત્રી કાર્યાલય સુધીની Government Authorities સમક્ષ શિખરજીની ગરિમા-પવિત્રતાનું રક્ષણ કરવા ચોકસાઈપૂર્વકના મુદ્દા ઉઠાવેલા – રજૂ કરેલા કે જેના પ્રતિભાવમાં સરકારે પણ આ ધર્મસ્થળ માટે પોતાની લાગણી – ચિંતા વ્યક્ત કરેલી. ત્યારે Government Authorities એ આપણને એવી ખાતરી-વચન આપેલ કે આ ક્ષેત્રોમાં માંસ અને દારૂ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવશે અને રસ્તા પરની દુકાનો પર જો કોઈ માંસ અને દારૂ વેચતાં પકડાશે તો તેને જેલમાં ધકેલાશે. સરકારે આપેલ આ ખાતરી-વચનોનું પાલન કરાવવું તે તાકીદની જરૂરીયાત છે કે જેથી પ્રતિબંધાત્મક આદેશોનો તત્કાલ અમલ કરાવી શકાય – લાગુ પાડી શકાય. આ વિષયમાં અગાઉ કરાયેલ ઉધમ-પરિશ્રમ-પ્રયત્નોની વસ્તુ સ્થિતિ અને



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhay Road, Mulund (W), Mumbai – 400080
WhatsApp No: 9930011400 | Email: info@jyot.in

પ્રવર્તમાન વાસ્તવિક પરિસ્થિતિનો બારીકાઈથી અભ્યાસ કર્યા વિના તે જ વિષયમાં નવી ચળવળ શરૂ કરવાનો કોઈનો પણ પ્રયત્ન મૂળને છોડીને ડાળી-ડાળખાં કાપવા જેવો નિરર્થક નીવડશે.

તેથી અસ્પષ્ટ રીતે મુદ્દા ઉઠાવવાવાળી આ નવી ચળવળ અચાનક આવી પડી હોય તેમ લાગે છે કે જે Government Authoritiesને ચીડવવાનું કામ કરી શકે અને જૈન સમુદાયની આબરૂને પણ ધક્કો પહોંચાડનાર બની શકે.

માની લો કે શિખરજી માટે 'પવિત્ર શહેર – Holy City'નો દરજ્જો મેળવવામાં આપણે સફળ પણ થયા તો પણ તે તીર્થમાં દારૂ અને માંસ પર પ્રતિબંધ લાદવાનું ઇચ્છિત પરિણામ મેળવવામાં ભાગ્યે જ સહાયક બનશે.

ભારતભરમાં એવાં સંખ્યાબંધ શહેરો છે જેવાં કે અજમેર, દ્વારકા, અલ્હાબાદ, જમ્મુ, બનારસ, હરિદ્વાર, અયોધ્યા, વૃંદાવન વિગેરે કે જે તે તે રાજ્યોની High Court દ્વારા Holy City તરીકે સ્વીકૃતિ-માન્યતા પામી ચૂક્યાં છે. શું આ શહેરોના બધા વિસ્તારોમાં પ્રતિબંધાત્મક આદેશો પૂર્ણપણે લાગુ કરાયા છે ? હકીકતમાં આ અપેક્ષા અને ત્યાં દેખાતી વાસ્તવિક સ્થિતિ વચ્ચે માઈલોનું અંતર છે.

ઉજ્જૈન નગરીને 'Holy City' ઘોષિત કરાવવા સાથે ત્યાં માંસ અને મદિરા પર પણ પ્રતિબંધ લાદવા માટે બે વર્ષ પૂર્વે શરૂ કરાયેલ ચળવળ હજુ સુધી ફળીભૂત થઈ નથી.

ગુજરાતના દ્વારકા, અંબાજી, ડાકોર, સોમનાથને 1997માં પવિત્ર – Holy ઘોષિત કરાયેલ પણ તે માત્ર ઝડપી વિકાસ અને બહેતર સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા પૂરતી રહી તેમાં ત્યાં માંસ કે માંસના ઉત્પાદનો પરના પ્રતિબંધનો કોઈ ઉલ્લેખ નથી.

પંજાબના મુક્તસર, કિરતપુર સાહિબ અને ભૈની સાહિબ શહેરોને દારૂના વેચાણ પર પ્રતિબંધ લાદવાના હેતુથી પવિત્ર શહેરો – Holy Cities ઘોષિત કરાયેલાં નહિ કે માંસ પર પ્રતિબંધ માટે.

હરિયાણાના કુરુક્ષેત્રને પવિત્ર શહેર – Holy City ઘોષિત કરેલ છે અને ત્યાં માંસ તથા માંસના ઉત્પાદનોના ખરીદ-વેચાણ પર પ્રતિબંધ ફરમાવતા આદેશ પણ બહાર પાડવામાં આવેલ, છતાં તેને પડકારવામાં આવેલ અને હાલમાં હાઈકોર્ટ દ્વારા તેની પર મનાઈ હુકમ ફરમાવવામાં આવેલ છે.

શિખરજી જ્યાં આવેલું છે તે ઝારખંડ રાજ્યના દેવગઢ શહેરને પણ Holy Cityનો દરજ્જો માન્ય થયેલ છે, છતાં ત્યાં માંસ-મદિરા વિગેરે છૂટથી મળે છે. ઉલટું તે શહેરમાં ટુરિઝમને વિકસાવવા માટે લોકસભામાં પ્રયાસો થયા છે.

પાલિતાણા 'Holy' તરીકે 1997માં ઘોષિત કરાયા છતાં પવિત્ર શેત્રુંજી નદી પરના ડેમ – બંધમાંથી માછલાં પકડવાની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ અંગેનો ઠરાવ છેક 2005માં પસાર કરાયો. પાલિતાણામાં માંસ, ઈંડા અને માછલાંના ઉત્પાદનોના વેચાણ પર પ્રતિબંધ લાદવા અંગે એક અલગ વિશિષ્ટ Notification – જાહેરનામું બહાર પડેલ છે. પરંતુ તે જાહેરનામું તે પવિત્ર શત્રુંજય પર્વતની તળેટી તરફ જતા રોડની બંને બાજુએ ફક્ત 250 મીટરના અંતર પૂરતું મર્યાદિત છે. વળી આ જાહેરનામાનો વાસ્તવમાં અમલ કરાવરાવવો તે પાછું એક અઘરું કાર્ય છે.



**Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhay Road, Mulund (W), Mumbai – 400080**
**WhatsApp No: 9930011400 | Email: info@jyot.in**

નિષ્કર્ષ એ નીકળે છે કે શિખરજીને Holy City ઘોષિત કરાવવા છેડાયેલ અભિયાનથી કોઈ ઇચ્છિત ફળની પ્રાપ્તિ થશે તેમ જણાતું નથી. ખરેખર તો આપણે અગાઉ જે આદેશો મેળવી શક્યા છીએ તેનો Scope – સીમા વિસ્તૃત કરાવવા અને તેનું વાસ્તવિક અમલીકરણ કરાવવા પર ખાસ ધ્યાન આપવું જરૂરી છે, તેમ અમો ભારપૂર્વક જણાવીએ છીએ.

જ્યોત સંસ્થા દ્વારા છેડાએલ 'Save शिखरजी' અભિયાનમાં શિખરજીને Place of Worship of Jains જાહેર કરાવવાની કરાયેલ માંગણી સૌથી યોગ્ય – ઉપયુક્ત અને આવશ્યક છે, તે દરેકે માનવું-સ્વીકારવું રહ્યું. આવી માંગણી માટે ભારતમાં તિરૂપતીની સપ્ત ગિરિમાળાઓ, માઉન્ટ નરસિંહ અને સિક્કીમની પહાડીઓને 'Place of Worship' તરીકે ઘોષિત કરાયાના પૂર્વનિર્ણીત સ્થાપિત દૃષ્ટાંતો ઉપલબ્ધ છે. તે ઉપરાંત પણ આવાં ઘણાં દૃષ્ટાંતોનો 'Save शिखरजी'ની Website પર ઉલ્લેખ કરવામાં આવેલ છે, કે જેમાં સંબંધિત રાજ્ય સરકારો દ્વારા ધાર્મિક સ્થળોને 'Place of Worship' તરીકે જાહેર કરવામાં આવેલાં છે. શિખરજીને Place of Worship of Jains તરીકે ઘોષિત કરતું Notification – જાહેરનામું શિખરજીને પૂર્ણપણે પવિત્રતા બક્ષવામાં ચોક્કસ સહાયક થશે.

Save शिखरजी ચળવળમાં વિશ્વભરના જૈન સમુદાયે એકજૂથ બની ઉઠાવેલ અવાજ Government Authorities સુધી પહોંચી શક્યો. આ અભિયાનની પ્રાસંગિકતા અને તેમાં કરવામાં આવેલી માંગણીઓથી થનારા લાભોની ખાતરી થતાં સંખ્યાબંધ ધાર્મિક સંસ્થાઓ અને ખાસ મહત્ત્વની વાત તો શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના ચારે સંપ્રદાયો-ફિરકાઓનો તેને ટેકો-પીઠબળ મળેલ. આ ચળવળને શ્વેતાંબરોના ઘણા ગચ્છોના આચાર્ય ભગવંતો સાથે આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ તરફથી પણ સમર્થન પત્રો મળેલા. આ ઝુંબેશને સ્થાનકવાસી, તેરાપંથી અને દિગંબર સંપ્રદાયના સંતોનું પણ હાર્દિક-અંતઃકરણપૂર્વકનું સમર્થન મળેલ. પરંતુ ક્ષુલ્લક કારણોસર પાછળથી આણંદજી કલ્યાણજી ટ્રસ્ટે ટેકો પાછો ખેંચી લીધેલ. છતાંય ચળવળ ચાલુ રહી અને તેને માત્ર ભારતના જ બધા સંપ્રદાયો-પક્ષોનું નહીં પણ Jain Diaspora તથા તેમની વિશ્વભરમાં ફેલાયેલી સંલગ્ન સંસ્થાઓ તરફથી પણ જોરદાર સમર્થન મળેલ. આ રીતે આ આંદોલનને મળેલ જંગી જનાદેશ અને વ્યાપક સમર્થનથી ઊભા થયેલા જુવાળે તેને કેન્દ્ર અને રાજ્ય સરકારના ઉચ્ચ સ્તર સુધી પહોંચાડેલ. મંત્રીઓ તરફથી અભિયાનને ઠંડુ પાડી દેવા માટે વારંવાર સૂચનાઓ મળવા છતાં, જીત હાંસલ થાય ત્યારે જ અટકવાનાં સંકલ્પ સાથે અમે તે અભિયાનને જારી રાખેલ. આગળ જતાં ઝારખંડના તત્કાલિન મુખ્યપ્રધાન શ્રી રઘુવીર દાસે અમને વાટાઘાટો માટે બોલાવેલા. વાટાઘાટો દરમિયાન જૈનોના તમામ સંપ્રદાયોએ સર્વાનુમતે મુખ્યમંત્રીને શિખરજીને 'Place of Worship of Jains' તરીકે ઘોષિત કરવા અનુરોધ કરેલ. પરંતુ સફળતા જ્યારે હાથવગી દેખાઈ ત્યારે આણંદજી કલ્યાણજી ટ્રસ્ટે પ્રતિનિધિત્વનો દાવો કરી દખલઅંદાજી કરી બાજી બગાડી નાંખી. તેઓએ નેતૃત્વ લઈ ઝારખંડના મુખ્યપ્રધાન સાથેની મિટીંગમાં વાટાઘાટો કરી, અમારા આશ્ચર્ય અને અત્યંત ખેદ-નિરાશા વચ્ચે એકમાત્ર 'Office Memo'ના બદલામાં 'Save शिखरजी' અભિયાનને બંધ કરવા તેમની સાથે સમાધાન કર્યું.

આપણી પાસે આટલો મોટો જનાદેશ હતો છતાં આપણી મૂળ માંગણીઓને બાજુએ હડસેલી ખાલી નામ ખાતર, આશ્વાસન પૂરતો લાભ અપાયો જે આણંદજી કલ્યાણજી ટ્રસ્ટે સ્વીકારી લીધો. આ ફિયાસ્કા પછી આ ઝુંબેશને બંધ કરી દેવાની અમને સૂચનાઓ અપાઈ, જોકે અમે તે બંધ કરેલ નથી. પરંતુ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ દ્વારા Gazette Notification મેળવી લેવા માટે અથાક-સખત પ્રયત્નો કરવામાં આવશે



**Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhay Road, Mulund (W), Mumbai – 400080**
**WhatsApp No: 9930011400 | Email: info@jyot.in**

તેવી ખાતરી-વચન આપવાના કારણે કામચલાઉ ધોરણે સ્થગિત કરેલી છે. જોકે તે આજ સુધી તેઓ મેળવી શક્યા નથી. આ છે પડદા પાછળનો ઇતિહાસ.

તેથી હવે હાલના તબક્કે તમારા તરફથી જરૂરિયાત એ પ્રકારના અભિયાનની છે કે જેમાં બધા જાગ્રત થઈ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ પોતે જૈન સંઘને આપેલા આ વચનનું પાલન કરે તેવી માંગણી કરવામાં આવે. હકીકતમાં આ માટે આપણે નપુંસકત્વ (Impotency) નો ત્યાગ કરી પૌરુષત્વને જાગ્રત કરવાની જરૂર છે, કે જે ખરેખર આપણને તે તીર્થની પવિત્રતાનું રક્ષણ કરવા રૂપ 'તીર્થરક્ષા' તરફ દોરી જશે.

**આથી અમે તમોને ગેરસમજ ફેલાવતી આ ચળવળને સુધારી આપણી અધૂરી રહેલી માંગણીઓ પૂરી કરાવવા જરૂરી ઉચિત મુદ્દાઓ પર ધ્યાન આપવા આગ્રહભરી વિનંતી કરીએ છીએ.** તીર્થના મૂળ મુદ્દાઓને બાજુ પર રાખી અલ્પ મહત્ત્વના મુદ્દાઓ ઉજાગર કરવાથી તીર્થરક્ષાના મુખ્ય ધ્યેયને ધક્કો પહોંચશે.

આજે જૈનોની એ સ્થિતિ આવીને ઊભી છે કે સરકારી સ્તરેથી એક નજીવું કામ કરાવવું પણ અતિ કપરું બની ગયું છે. જ્યારે અગાઉ એ દિવસો હતા કે જ્યારે આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ જૂતાં-બૂટ પહેરી પહાડ ચઢનાર દરબાર સાથે શત્રુંજય ગિરિરાજની આશાતનાના મુદ્દે લડત આપી દરબારને તેમની ભારે કિંમત ચૂકવવા મજબૂર કરી શકેલ. આજે એ જ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ ડોળીવાળાઓ તરફથી યાત્રિકોની થતી પજવણી અને રામપોળ એટલે કે શેત્રુંજય ગિરિરાજની ટોચ પર આવેલ મુખ્ય દેરાસરો પાસે ગઢની અંદરના પરિસરમાં તેમને માંસાહાર, કાંદા-બટાકા આદિ અભક્ષ્ય-અનંતકાય ભક્ષણ, ધૂમ્રપાન કે પાન-મસાલા-તમાકુના સેવન પર પ્રતિબંધ લાદવા રૂપી નજીવા પ્રશ્નો હલ કરવામાં પણ સફળ થઈ શકતું નથી. ભૂતકાળની ઉજ્જ્વળ પ્રતિષ્ઠાના ગુણગાન દ્વારા સમર્થન હાંસિલ કરવું તે વિજેતાઓનું કામ નથી.

ચાલો આપણે સૌ સંગઠિત થઈ તીર્થરક્ષા કાજે શક્તિશાળી બની જિનશાસનના હિતમાં એકી અવાજે એક જ માંગ કરીએ કે શિખરજીને 'Place of Worship of Jains' ઘોષિત કરવામાં આવે.

**Save शिखरजी Team અને Jyot Team તરફથી**
**સહી**
**રાકેશ ડી. દોશી**



Education Book Centre, 133, Gala Complex, Din Dayal Upadhay Road, Mulund (W), Mumbai – 400080
WhatsApp No: 9930011400 | Email: info@jyot.in